# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ,જુનાગઢ

પરિપત્ર

ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ/સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા આ વખતે ૧૫ મી ઓગસ્ટની ઉજવણીની સાથે એક અલગથી અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

૧૫ ઓગસ્ટ ૨૦૧૭ નાં રોજ નામી અનામી અનેક શહીદોનાં શોણિતથી સિંચાયેલ હિન્દુસ્તાનની આઝાદીનું વિશાળ વટવૃક્ષ પોતાની ૭૧મી વર્ષગાંઠ ઉજવશે. આ તકે સર્વ દેશવાસીઓ પોતાના અમર શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પશે. પરંતુ સરહદ પર તૈનાત આપણા લાખો સીમાપ્રહરીઓનું શું ? સ્વજનોથી જોજનો દૂર હ્રદયને ચીરી નાખતા વિરહને વેઠી "કર્મ હી ધર્મ" ની સુક્તિને સાર્થક કરતા જવાનો પ્રત્યે આપણી પણ કેટલીક નૈતિક ફરજો છે.

અત્યંત વિષમ પરિસ્થિતિમા જ્યારે સૈનિકો પોતાની ફરજ બજાવી શહીદી વહોરે ત્યારે માત્ર કેન્ડલ માર્ચ કાઢી સંતોષ માનવાને બદલે એ સૈનિકોની ફરજનિષ્ઠાને સલામ કરીએ, માનભેર યાદ કરીને, પત્ર પાઠવી તેમના ઋણસ્વીકાર સાથે શુભકામનાઓ પાઠવીને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરીએ.

તો આપણે સૌ આપણા વીર જવાનોને નીચે આપેલ ફોર્મેટમાં નીચેનામાંથી કોઈ પણ એક અથવા ત્રણેય સરનામે પત્રો લખી આભાર-આદર વ્યક્ત કરીએ. સરકારશ્રી કે યુનિવર્સીટી આપની પાસેથી કોઈ માહિતી માંગે તો ફરજના ભાગ રૂપે આપ એ માહિતી સમય મર્યાદામાં મોકલાવો છો, ત્યારે આપણા દેશની જેઓ પોતાના જીવના જોખમે રક્ષા કરે છે તેઓને આપના કિમતી સમયમાંથી પાંચ મિનીટનો સમય કાઢી આપણા સૈનિકોને પત્ર દ્વારા જરૂર મોરલ સપોર્ટ આપશો એવી અપીલ છે. આપની સંસ્થા દ્વારા લખાયેલ પત્રોની સંખ્યા academicbknmu@gmail.com ઉપર તા:૧૮/૦૮/૨૦૧૭ સુધીમાં જાણ કરવી.

આપનો વિશ્વાસુ,

(ડૉ.એ.એચ.બાપોદરા)

REGISTRAR
Bhakta Kavi Narsinh Mehta
University, Junagadh

ક્રમાંક: બીકેએનએમયુ/રજી/૭૯૭ /૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી
ગવર્નમેન્ટ પોલિટેકનીક કેમ્પસ,
બીલખા રોડ, ખાડિયા, જુનાગઢ.
તા: ૦૪/૦૮/૨૦૧૭

પ્રતિ,
-ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તરફ .....
નકલ સાદર રવાના :
)૧ (માનનીય કુલપતિશ્રી /કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :
૧ (એકેડેમિક વિભાગ
૨ (આઈ.ટી .સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારૂ......

## SAMPLE FORMAT

Dear Mr.Brave Soldier,

I salute you on the 71st Independence Day of Republic of India for your bravery, courage and dedication. I'm enjoying peace and quietness at my place only because you are there fighting for me and thus protecting my country. I'm with you because you are keeping my country's flag flying high.

Yours ever,

Your Name :
Your College Name :
Name of the affiliating University: Bhakta Kavi Narsinh Mehta University, Junagadh, Gujarat.
City :
Taluka :
District :
State :

**"RESPECT SOLDIERS, NEVER FORGET MARTYRS"**

| | |
|---|---|
| કોમન સરનામું | **To,<br>The Brave Soldier of Indian Army,<br>C/O, 56 APO.** |
| પૂર્વોત્તર રાજયોમા તૈનાત ફૌજીનું સરનામું | **To,<br>The Brave Soldier of Indian Army,<br>C/O, 99 APO.** |
| સીઆચેનનાં હિમપહાડોમાં ફરજ બજાવતા ફૌજીનું સરનામું | **To,<br>The Brave Soldier of Indian Army,<br>HQ Siachen Glacier Base Camp,<br>C/O, 56 APO.** |